Chapter. 3



## પ્રકરણ 3

## દલપતરામ

"સુધારાના વિષયમાં કવિતા કરવાનું પહેલું માન"[1] પ્રાપ્ત કરનાર દલપતરામના સમકાલીન તથા પૂર્વકાલીન જમાનાનું ચિત્ર આગળના પ્રકરણમાં આલેખ્યું છે. દલપતરામની બ્રિટિશરાજભક્તિને સમજવા માટે એ ચિત્રને જરૂરી ગણી શકાય. દેશના જીવનવ્યવહારમાં વ્યાપી ગયેલાં અંધેર, અવ્યવસ્થા તથા અસલામતિને દૂર કરવાનો ક્રમ અંગ્રેજ રાજ્યઅમલમાં શરૂ થઇ ચૂકયો હતો. પરિણામે, વાહનવ્યવહારના માર્ગો ચોખ્ખા થયા, વાહનવ્યવહારની સગવડો વધી, મુસલમાન-મરાઠાઓના અમલ દરમિયાન બાઝેલાં અતંત્રતાનાં જાળાં સાફ થવા લાગ્યાં, કેળવણી તથા સમાજસુધારાના ક્ષેત્રે નવસંચાર શરૂ થયો, નવી શાળાઓ શરૂ થઇ. સ્ત્રીકેળવણીનો પ્રારંભ થયો. અંગ્રેજી કેળવણીના પ્રભાવથી પ્રજાજીવનમાં ચેતન, ઉત્સાહ તથા દેશાભિમાનની લાગણીનો સંચાર થયો હતો.[2] મહારાણીના ઢંઢેરાએ લોકહૈયામાં અંગ્રેજ સલ્તનત પ્રત્યે વિશ્વાસ જગાડયો હતો. અંગ્રેજોના આગમન પછી સમાજકારણ, અર્થકારણ અને રાજકારણ -ના ક્ષેત્રે ગુજરાતના પ્રજાજીવનમાં એ સમયે ક્રાન્તિકારી લાગે તેવા ફેરફારો થયા હતા.

દલપતરામ આ દૃશ્યપરિવર્તનના સાક્ષી હતા. એમની વિચારસરણિ એમના પ્રકૃતિગત બંધારણથી જ કદી ઉદ્દામ કે જહાલ નહોતી. દેશી રજવાડા-માં એમનો ઉછેર થયો હતો. ત્યાંની પ્રજામા એકંદરે સ્વાભાવિક હોય એવી રાજ્યભક્તિથી એમનું હૃદય ભરેલું હતું. એવામાં ઉદારદિલ ફોર્બ્સ જેવા અંગ્રેજ અમલદારનો એમને સંપર્ક થયો. અંગ્રેજો પ્રત્યેના દલપતરામના દૃષ્ટિકોણને કૂણો બનાવવામાં આ વિરલ અંગત મૈત્રીસંબંધે ભાગ ભજવ્યો હોય તો આશ્ચર્ય નહિ. "ઈંગ્રેજની સુજનતામાં દલપતરામને શ્રધ્ધા હતી."[3] અંગ્રેજો સાથે આ વ્યવહાર-દક્ષ શાણા ઠરેલ ઠાવકા પુરુષને મીઠા સંબંધો હતા. આવા સંજોગોમાં, દલપતરામે અંગ્રેજ રાજ્યઅમલ પ્રત્યે ભક્તિ અને નિષ્ઠા દાખવ્યાં હોય એમાં

Smt. HANSA MEHTA LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA

નવાઇ નથી. વળી, દલપતરામને અંગ્રેજો ન્યાયી રાજ્યકર્તાઓ લાગેલા હતા. દલપતરામની બ્રિટિશરાજ્યભક્તિ એમના જેવા એકલદોકલ કવિ પૂરતી કે ગુજરાત જેવા એકાદ પ્રદેશ પૂરતી સીમિત હતી એમ માનવાને કોઇ કારણ નથી. બ્રિટિશ રાજ્યભક્તિ એ ૧૯મી સદીના ઉત્તરાર્ધના કંઇ નહિ તો ત્રણ-ચાર દસકાઓ પૂરતો એક અખિલભારતીય મનોભાવ હતો. આપણી રાષ્ટ્રીય અસ્મિતાનો સર્વપ્રથમ અંકુર અંગ્રેજરાજ્યપ્રશંસાના ભાવરૂપે પ્રગટયો હતો, એ લગભગ સર્વસ્વીકૃત બને એવી હકીકત છે.

એ જમાનાના સ્વતંત્રતા અને સુધારાના સેનાની ગણાયેલા નર્મદ જેવાને પણ આપણને આજે પરિચિત છે એ સ્વતંત્રતા, સમાનતા, બંધુતા વ. ભાવનાઓનો સાચો અને પૂરો ખ્યાલ નહોતો. પ્રજાજીવનનું નિયમન કરવા માટે ભારતદેશમાં જ મૂળ નાખીને વસેલો એક રાજા હોવો જોઇએ, પછી એ દેશી હોય, પરદેશી હોય, આપખુદી ચલાવતો હોય એની ચિંતા નથી. એ રાજા ન્યાયી ઉદારચિત્ત, દેશહિતચિંતક, પ્રજાને કે પ્રજાના આગેવાનોને વારંવાર વિશ્વાસમાં લેતો, પ્રજાની લાગણીઓને ખ્યાલમાં રાખતો, એ લાગણીઓ દૂભાય નહિ એની કાળજી દર્શાવતો - ટૂંકમાં, એ પ્રજાપ્રિય- હોવો જોઇએ. આવી જ કાઇ માન્યતા એ જમાનાના આગેવાનો ધરાવતા હતા. પરદેશી રાજ્યકર્તાઓ પાસેથી સ્વરાજ્ય મેળવવાનો કોઇ ખ્યાલ નહોતો એ જમાનાની પ્રજાને કે નહોતો એમના આગેવાનોને. વીસમી સદીમાં આપણા જીવનવ્યવહારમાં દાખલ થઇ ચૂકેલો લોકશાહીનો ખ્યાલ દલપત-નર્મદ જેવા આગેવાનોના મનમાં ખીલ્યો નહોતો, એ ખ્યાલ સ્પષ્ટ થઇને વિકાસ પામે એ વાત તો બાજુ ઉપર રહી. આને દલપત-નર્મદના માનસની મર્યાદા તરીકે જોવા - બતાવવાનો કોઇ અર્થ નથી. સ્પષ્ટ છે કે કેટલીક ભાવનાઓ કે કેટલાક ખયાલો અમુક કાળપરિપાકે જ આવિષ્કૃત થતા હોય છે તથા જામતા હોય છે.

"આદિત્ય ઉદય" જેવું અંગ્રેજીરાજ્ય દલપતરામને ભાસ્યું છે. એ પહેલાંની ભારતની સ્થિતિ કેવી હતી ? "નૃપ રૈયતને લૂટતા, વળી તસ્કરની જાત, વાડ ખેતરો ખાય ત્યાં વનચરની શી વાત?" : દલપતકાવ્ય, ભા. ૨, પૃ ૧:.

"જે રાણીજીના રાજથી થિર થૈ અમે સુખિયા થયા" (:૨,૧૩:) એ વિક્ટોરિયા વિશે કવિ પ્રાર્થે છે: "અમે ઇશ્વર માગીએ એટલું,

વડી પ્રેમવાળી ઘણાં વર્ષ, જીવો વિક્ટોરિયા.
: . . .  . . .  . . .
દુ:ખ જુલમનાં જેથી મટી ગયાં,
ઉપજ્યો અંગ ઉમંગ અથાગ." :૨, ૨૮૪:

૧૮૭૭માં વિક્ટોરિયાએ "કયસરે હિન્દ" નું પદ ધારણ કર્યું ત્યારે દલપતરામે એ પ્રસંગને રાજસૂય યજ્ઞ તરીકે ઘટાવીને ગાયેલું:

"યજ્ઞ તણો અશ્વ જેમ, આજ અંગરેજ તણો
વીજળીનો તાર આખા ખંડમાં કરી વળ્યો.
વસ્તીમાં કે વન વિશે રાજા કે મેવાસી કોઇ
અટકાવનાર નહિ, ત્રાસ તે વિશે ટળ્યો.":૨,૧૮-૧૯:

આવી માન્યતા ધરાવનાર કવિ ૧૮૫૭ના બળવાને દેશ ઉપરની, વિશેષે ગુજરાત ઉપરની, ઝઝુંબતી આફત તરીકે જુએ તે સ્વાભાવિક છે. ખંડેરાવ ગાયકવાડના દરબારમાં માટે જ દલપતરામે ગાયું: "ગુણવંતી ગુજરાત તું, ભલો ધરી ઉરભાવ, ગુણ ગા ગાયકવાડના, બંડથી કર્યો બચાવ." :૧, ૩૩૯: ૧૮૫૭ના બળવામાં ભાગ લેનારાઓને કવિએ અન્યત્ર "હરામી જન" તથા "ખૂટલ બળવાખોર" તરીકે ઓળખાવ્યા છે. :૨, ૩૦૦:

પાછળના સમયમાં, ઉપરની અંગ્રેજ પ્રશસ્તિની કવિતાઓ કરતાં ખૂબ ચર્ચા જગવનાર અને દલપતરામ વિશે ગેરસમજ ઉભી કરનાર કૃતિ તો છે હોપવાચનમાળાની સાતમી ચોપડીમાં મૂકાયેલી "હિંદ ઉપર ઉપકાર વિશે."[૪] બળવો શમી ગયા પછી લખાયેલી એ કવિતામાં વ્યક્ત થયેલા મનોભાવની યથાર્થતા સમજવા માટે એ કવિતા વિગતે વાંચવા જેવી છે. યોગ્ય ઐતિહાસિક દૃષ્ટિબિંદુ કેળવીને જોઇએ તો એ કવિતામાં કશું અજુગતું નહિ લાગે:

"ઝેર ગયાં ને વેર ગયાં, વળી કાળા કેર ગયા કરનાર,
દેખ બિચારી બકરીનો પણ, કોઇ ન જાતાં પકડે કાન
એ ઉપકાર ગણી ઇશ્વરનો હરખ હવે તું હિંદુસ્તાન.
રાજ્ય અનોપમ આજ થયું છે, લાજ વધારી તારી લેખ,

ઘોરકુકુમીં ચોર ગયા ને, જોરૂ દગાનું ડૂબ્યું દેખ.
મહમુદ સરખા મારણ ન મળે, તૈમુર તુલ્ય નહિ તોફાન
જુલમી રાજાની જડ ઉખડી, નાદીર સરખા પામ્યા નાશ,
ભારે ભીલતણો ભય ક્યાં છે, ક્યાં છે કજીઆ ને કંકાશ,
હુલકરથી નહીં હોય ખરાબી, કહો મરાઠાં કોણ જ માદ્ર,
કદી સંહાર ન કરે સિંધીયા, પીંઢારા પણ ગયા કુપાદ્ર,
ઈંગ્લીશના નેજાની નીચે, તારાં તનુજ કરે ગુલતાન.
કોળી નાળીનો ભય ટાળી, સંભાળી રાખે સંસ્થાન,
લંકાથી હિમાચલ લગભગ, કલકતાથી કચ્છપ્રદેશ,
પંજાબી સિંધી સોરઠીઆ, દક્ષિણ માળવ આદિક દેશ;
દિવસ ગયા ડરના ને દુ:ખના, સુખના દિનનું દીધું દાન,
એ ઉપકાર...[75] :૨,૨૯૪:

આ કવિતાનો દાખલો ટાંકીને દલપતરામ અંગ્રેજ અમલના અંધ ખુશામદખોર હતા એમ કહેવું, એ અયથાર્થ છે. કેમ કે, એ જમાનાના સંદર્ભમાં જોતાં તો દલપતરામે પ્રસ્તુત કવિતામા પોતાના હૃદયના કોઇ એકલવાયા સૂરને નહિ, પરંતુ સમગ્ર પ્રજાના હૃદયની લાગણીને સરસ રીતે અભિવ્યકત કરેલ જણાય છે. લંકાથી હિમાલય સુધીના, કલકતાથી કચ્છ સુધીના પ્રદેશને વહીવટના એક સૂત્રમાં ગૂંથનાર, પંજાબ, સિંધ, ગુજરાત મરાઠા :"પંજાબી, સિંધી, સોરઠીઆ, દક્ષિણ...": જેવા વિવિધ પ્રાંતોને અખિલભારતીય પોતમાં વણી લેનાર, મહમૂદ ગઝનવી, તૈમુર, નાદીરશાહ અને ગુજરાત પૂરતી વાત કરીએ તો મરાઠાઓના અકલ્પ્ય જુલમોમાંથી મુકત કરાવનાર, ધાડપાડુઓના ભારે ત્રાસમાંથી જનતાને મુકત કરાવીને કાયદાનું રાજ્ય સ્થાપનાર :"જેના ધારા સૌથી સારા, નિરબળ નરને ડર નહીં ચિન્ત": બ્રિટિશ સલ્તનત વિશે, એ સલ્તનતની સ્થાપનાના કાળે, લોક સમુદાય તથા એ સમુદાયની લાગણીને વાચા આપવા મથતો કવિ "હરખ" નો ભાવ અનુભવે, એમાં આશ્ચર્ય કે આઘાત પામવા જેવું શું છે? પ્રજાને જ્યારે મુસલમાનો અને મરાઠાઓના રાજ્યઅમલનો તાજો અને પૂરતો કડવો અનુભવ હોય ત્યારે

અંગ્રેજોના વ્યવસ્થિત રાજ્યવહીવટ વિશે ઉપકારવશ બનીને લોકસમૂહ "હરખ"-નો નહિ તો પછી બીજો કયો ભાવ અનુભવવાનો હતો? બ્રિટિશ સલ્તનતની સ્થાપનાના સમયે ગુજરાતનું લોકમાનસ કેવા ભાવો અનુભવતું હતું એની સમજદારી પ્રાપ્ત કરવા માટે આ કાવ્યનું ઐતિહાસિક મહત્વ આંકી શકાય. બ્રિટિશ રાજ્ય પ્રત્યેની વફાદારી દેખાવવામાં આ કાવ્યે થોડોઘણો ફાળો આપ્યો છે, એવો પાછળથી :૨૦મી સદીમાં આપણે ત્યાં ચાલેલી સ્વાતંત્ર્યલડત સમયે: કેટલાકને અનુભવ થયો હોય, અથવા તો, બ્રિટિશ રાજ્યનું ભારતશોષક સ્વરૂપ દલપતરામ પારખી શકયા નથી એવું પણ કેટલાકને પાછળથી લાગ્યું હોય. અહીં કહેવું જોઇએ કે આ બન્ને મુદ્દાઓ "હિન્દ ઉપર ઉપકાર વિશે" કાવ્યના મૂલ્યાંકનમાં અપ્રસ્તુત ગણી શકાય એવા છે, તે આ વિષયની પ્રસંગોપાત કરેલી ચર્ચા ઉપરથી સ્પષ્ટ થશે.. શ્રી બળવંતરાય ઠાકોરે "ઝેર ગયાં ને વેર ગયાં..." એ કવિતાને "આગલા ઝમાનાની આંતરડીના ઉદગાર" રૂપે યથાર્થ રીતે જ ઓળખાવેલ છે.[6]

દલપતરામની રાજ્યભકિત, વાસ્તવમાં તો, એમની રાષ્ટ્રીયઅસ્મિતા-નો એક આવિષ્કાર માત્ર હતી. દલપતરામની રાજભકિત એ જ એમની રાષ્ટ્રભકિત. સમગ્ર ભારતદેશને અખંડસ્વરૂપે બાંધીને દેશનું અંગ્રેજો કલ્યાણ કરવાના છે એવી દલપતરામને દૃઢ શ્રધ્ધા હતી. એ પ્રામાણિક શ્રધ્ધામાંથી -અને નહિ કે ખુશામદવૃત્તિમાંથી- ઉપર ઉલ્લેખાયેલાં કાવ્યો જન્મ્યાં છે. ગાંધીજીના નેતૃત્વ નીચે શરૂ થયેલી આઝાદીની લડત દરમિયાન આપણને સાંપડેલી રાજકીય દૃષ્ટિ વડે દલપતરામની ભારત પ્રત્યેની કે અંગ્રેજો પ્રત્યેની ભાવનાને મૂલવવામાં દલપતરામની વિશુધ્ધ દેશપ્રીતિને તથા તટસ્થ અભ્યાસદૃષ્ટિને, ઉભયને, અન્યાય કરવા જેવું થશે. દેશનું હિત એમને હૈયે વસેલું હતું એવી પ્રતીતિ "દલપતકાવ્ય" ના બન્ને ભાગો વાંચતાં સર્વત્ર થાય છે. ભારતમાં ઔદ્યોગિક આબાદી જલદી સ્થપાય એવી એમની આકાંક્ષા હતી. સુધારાનો પ્રકાશ બધે વ્યાપે, કુધારાનો અંધકાર નાબૂદ થાય અને "વિદ્યારૂપી રૂડો રસાળ આંબો" મ્હોરે એવો એમને અભિલાષ હતો. આ બધું થવામાં અંગ્રેજો નિમિત્ત થવાના છે, એવી દલપતરામની માન્યતા હતી. અંગ્રેજોનો ભારત સાથેનો યોગ એમને તથા એ સમયના અન્ય શિક્ષિતજનોને

ઇશ્વરીસંકેતરૂપ લાગતો હતો. દલપતરામ હિન્દ-બ્રિટનશુભસંયોગ પક્ષના હતા. બ્રિટિશરાજ્યનું ભલું ઇચ્છવામાં પ્રજાનું કલ્યાણ સર્વાંશે સમાઇ જાય છે એવી એમની માન્યતા હતી.

દલપતરામ દેશમાં "સુધારો" દાખલ કરવા માગતા હતા. સમાજસુધારા માટેનો એમનો આગ્રહ પણ રાષ્ટ્રીય અસ્મિતાનું એક આવિષ્કરણ લેખાવું ~~જોઇએ~~. કેમ કે, સુધારા દ્વારા જ દેશનું હિત થવાનું છે એવી શ્રધ્ધા સુધારાના એમના આગ્રહ પાછળ રહેલી છે. દલપતરામનો સુધારા વિશેનો ખ્યાલ સર્વગ્રાહી હતો. "દલપતભાષામાં સુધારો એટલે સીવીલીઝેશન, આજે સંસ્કૃતિ કહીએ છીએ તે. દલપતરામને તો આગગાડી પણ સુધારાનું અંગ હતું...હુન્નર-ઉદ્યોગો, સરોવરનહેરો, શાળાપુસ્તકશાળાઓ, પ્રદર્શનને મીલો, આગગાડી ને વીજળીના તાર, મંડળીઓ, સોસાયટીઓ, સંસ્થાસ્થાપનાઓ, નવગ્રન્થોનું ગૂંથન ને ગૂર્જર ગિરાનો ગિર્વાણ સમો વિકાસ: એ સૌ દલપતરામની ને દલપતકાવ્યની ભાષામાં સુધારાનાં અંગો હતાં."[૭]

દલપતરામ માને છે કે સુધારાનું અાદિકરણ વિદ્યા – કેળવણી – જ થઇ શકે. માટે એ કહે છે: "સુધારો થવા સદ્ય વિદ્યા વધારો". "ભરતખંડ મોઝાર" વિદ્યારુચિને વિકસિત કરવાના "સાહેબલોકો" ના પ્રયાસોને એમનો ટેકો છે. દેશના અભ્યુદય માટે વિદ્યાપ્રસાર એ એમને એક મુખ્ય ચાવી લાગેલ છે. વિદ્યાના, તથા ~~સ્વીકારેલ~~ સુધારાના ફેલાવા માટે કવિતાને એમણે એક સાધન-રૂપે સ્વીકારેલ છે. સુધારાની વેલીને કવિતારસથી દલપતરામ પાળવા-પોષવા માગે છે.

ગૂજરાતી ભાષાને સમૃધ્ધ બનાવી શણગારવાની કવિની આકાંક્ષા પાછળ માતૃભાષા તથા જન્મભૂમિ પ્રત્યેની ભક્તિ જણાય છે:

"સ્વદેશની પૃથ્વી તથા, સ્વદેશની જે વાણ
માતા તુલ્યે માનીને, પાળે પુત્ર સુજાણ." :૧, ૧૯:

વિવિધ વિષયો વિશે લખાયેલી કવિતાઓમાં રાષ્ટ્રહિતને અગ્રપદ આપતા દલપતરામ દેખાય છે. પ્રજાહિતચિંતાનો સૂર દલપતકવિતામાંથી પ્રગટે છે.

"સ્વદેશમાં સંપ વધે, કુસંપ કંકાસ ઘટે
એ જ મારા મન વિષે, મોટો એક મર્મ છે." :૧, ૧૩:

દલપતરામની કવિકારકિર્દીનો પ્રારંભ ૧૮૪૫માં "બાપાની પીંપર"થી થયો. પરંતુ એમણે જે પહેલું નોંધપાત્ર કાવ્ય લખ્યું એ દેશપ્રેમનું કાવ્ય છે- "હુન્નરખાનની ચડાઇ" :૧૮૫૧:. આમ તો સામાન્ય કોટિની કવિત્વશક્તિ ધરાવતા દલપતરામ આ કાવ્યમાં યૂરોપમાં જ હજુ જેને ઉદય થયે પાંચેક દસકાઓ થયા હતા તે ઔદ્યોગિક ક્રાન્તિની ભારતદેશે આગાહી કરીને કવિને છાજતું દૂરદર્શિત્વ દાખવે છે. ગુજરાતમાં જન્મ પામી રહેલી નવરાષ્ટ્રીયતાનો પ્રથમ અંકુર "હુન્નરખાનની ચડાઇ" માં પ્રગટતો દેખાય છે. દેશના આર્થિક પ્રશ્નો વિશે દલપતરામે દાખવેલી જાગૃતિમાં ગુજરાતી કવિતાક્ષેત્રે રાષ્ટ્રીય અસ્મિતાનો પહેલો આવિષ્કાર નિહાળી શકાય. જે રીતે દેશના રાજકીય-સમાજિક પ્રશ્નોના નિરૂપણમાં સંસારસુધારાકાળના લેખકો સમક્ષ નર્મદની કૃતિ "હિંદુઓની પડતી એક આદર્શ નમૂના તરીકે રહેલ છે, તે રીતે આર્થિક પ્રશ્નની વિચારણામાં દલપતરામની "હુન્નરખાનની ચડાઇ"નો નમૂનો ઉત્તરકાલીન લેખકો સમક્ષ રહ્યો છે.

દલપતરામે દેશી રજવાડાંઓના રાજાઓની અતિશયોક્તિયુક્ત પ્રશસ્તિ કરતાં ઘણાં ફરમાસુ કાવ્યો લખ્યાં છે. રાજાઓની પ્રશસ્તિ કરતી વેળાએ પણ પ્રજાકલ્યાણના ધ્યેયને એ વિસરતા નથી. દેશી રજવાડાંઓની એમની મુસાફરી વિશે દલપતરામ કહે છે: "એક મુસાફરી અર્થ અનેક" :૧, ૪૦૬:. એમાં અંગત હિતનો એક અર્થ તો ખરો જ. એ ઉપરાંત, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી માટે દાનો ઉઘરાવવા, સોસાયટીની શાખાઓ સ્થાપવી, નિશાળો તથા પુસ્તકશાળાઓ શરૂ કરાવવી તથા ગુજરાતીવાણીરાણીની વકીલાત કરવી, એવા દેશોત્કર્ષ સાધતા બીજા અર્થો પણ એમાં સમાયેલા હતા.

દેશના કેટલાક નામાંકિત જનો વિશે પણ દલપતરામે કાવ્યો લખ્યાં છે. ૧૮૯૩ માં દાદાભાઇ નવરોજજી ઇંગ્લાંડમાં પાર્લામેન્ટમાં ચૂંટાયા ત્યારે કવિએ એમના વાનપ્રસ્થાશ્રમમાંયે એ વિજયને વધાવ્યો હતો. દાદાભાઇની કવિ ઓળખાણ આપે છે, "પ્રિયકર રાજાપ્રજાતણા, વાકેફ સર્વ વાતના." :૨, ૨૭૫: વિદેશી શાસનકર્તાઓ તથા દેશજનતા, ઉભયને, કોઇ નેતા એકીસાથે પ્રિયકર હોઇ શકે, એ ઘટના આજે દેખાય એવી પરસ્પરવિરોધી દલપતરામના જમાનામાં

નહોતી જણાતી.. એક કાળના ખૂબ પ્રજાપ્રિય વાઇસરોય લોર્ડ રિપન વિશે પણ દલપતરામે કવિતા રચી છે. "સ્થાનિક સ્વરાજ્ય તણો ઠરાવ" દેશમાં દાખલ કરાવનાર રિપનની બરોબરી કરે એવો વાઇસરોય ભૂતકાળમાં થયો નથી અને ભવિષ્યમાં થશે નહિ, એવું દલપતરામ નિ:સંકોચ કહી શકે છે :૨,૨૬૭:. દેશમાં અંગ્રેજ અમલને જનપ્રિય કરવામાં રિપન જેવા ઉદારદિલ વાઇસરોયે મહત્વનો ભાગ ભજવ્યો છે.

બ્રિટિશ રાજ્યઅમલથી કવિનું ચિત્ત એટલું પ્રભાવિત થયેલું છે કે નર્યાં પ્રકૃતિવર્ણનનાં કાવ્યોમાંયે કવિનો એ અમલ માટેનો અહોભાવ પ્રગટ થયા વિના રહેતો નથી. એનાં કેટલાંક ઉદાહરણો જોઇએ. સૂર્યોદયનું વર્ણન કરતી વેળાએ કવિ લખે છે:

"અદલ રાજ્ય અંગ્રેજનું, પ્રગટ્યું સૂર્ય સમાન,
વિદ્યાપ્રકાશથી થયું, ગુણઅવગુણનું જ્ઞાન." :૧,૫૧:

"સાયંકાળનું વર્ણન" સમાપ્ત કરીને કવિ વાંછે છે:

"જે રાજમાં જ્ઞાન વિશેષ વાધ્યું,જે રાજમાં ઉતમ કાજ સાધ્યું,
ઓ વિશ્વકર્તા વરદાન દેજો, આવું રૂડું રાજ સદા રહેજો."
:૧,૭૨-૭૩:

દલપતરામ એમના જમાનાના અન્ય કવિઓની જેમ "સુરાજ્ય" ના ચાહક છે: "દયાળુ વિશ્વેશ્વર વિશ્વપાળ,સુરાજ રાખો અહીં સર્વકાળ" :૧૫,૯૪: બીજી બાજુ, બ્રિટિશ અમલની મર્યાદાથી કવિ અજાણ નથી. "વસંતઋતુનું વર્ણન" કરતી વેળાએ કવિ એવી મર્યાદાઓ નોંધે છે:

"નવાણનાં નીર પ્રતિદિન ન્યૂન થતાં જાય,
પરદેશી રાજ્યે જેમ દ્રવ્ય પરદેશ જાય,
...અન્ય ઋતુઓ તમામ સાથે તોળી જોતાં સુખ,
વસંત ઋતુનું સુખ જરૂર ઘણું જણાય,
જેમ અન્ય રાજ્ય સાથે મેળવીને જોતાં સુખ,
અંગરેજી રાજ્યનું જરૂર અધિકું મનાય." :૧,૧૫૯:

ભારતમાં વિદેશી રાજ્યથી થતું દ્રવ્યશોષણ દલપતરામની ધ્યાન બહાર નથી. વળી, વિદેશી રાજ્યના મોટા ટેકેદાર ગણાયેલા આ કવિને પણ નિરપેક્ષ દૃષ્ટિએ અંગ્રેજી રાજ્ય જચ્યું નથી. ભૂતકાળના મુસલમાન-મરાઠાઓના અમલની તુલનામાં અંગ્રેજોનું રાજ્ય સારું છે, એવું ઈંગિત કરવામાં બ્રિટિશ રાજની મર્યાદા કશા આક્રોશપૂર્વક નહિ, પરંતુ ઘણી ઠાવકાઈથી દલપતરામે બતાવી દીધી છે.

ઈશ્વરસ્તુતિ કરતી વેળાએ પણ દેશની આબાદીને કવિ લક્ષે છે: "આબાદી આ દેશની, કરજે જગકર્તા" :૧,૧૮૧:. દલપતરામની દૃષ્ટિમાં હિન્દુ-મુસલમાન-ખ્રિસ્તી કે પારસીના ભેદભાવો નહોતા. કવિકારકિર્દીના પ્રારંભકાળમાં જ લખાયેલા "સંપલક્ષ્મીસંવાદ" :૧૮૫૧: માં દલપતરામે કહ્યું છે: "દેશમાં સંપ કરો, સંપ કરો.. હારે તમે ટંટા ધરમના ટાળો, હારે જે જે પ્યારો લાગે તે ધર્મ પાળો." :૨,૫૫:. દલપતરામ કવચિત્ "હિંદુદેશ" શબ્દ પ્રયોજે છે, હિંદુ-મુસ્લીમ માટે "દેવાસુરો" શબ્દ પણ વાપરે છે.:૧,૩૮૫: પરંતુ એથી ધર્મસહિષ્ણુતાના અંશોની એમની કવિતામાં કમીના છે એમ સમજવાનું નથી. આધુનિક બિનસાંપ્રદાયિક દૃષ્ટિના એમને આદ્યપુરસ્કર્તા કહીએ તો એમાં અતિશયોક્તિ જેવું કશું નથી. દલપતરામ કોઈપણ ધર્મને ઊતરતી કક્ષાનો ગણવા માગતા નથી. ધાર્મિક વિખવાદોથી દેશનું અકલ્યાણ થશે એવું એમને પ્રતીત થઈ ચૂક્યું છે:

"મુસલમાન ને પારસી, હિન્દુ ખ્રિસ્તી હરેક,
જુદા જુદા મત તજી, કેમ થાય મત એક.
સૌના મત સાચા કહો, એક સર્વનો દેવ,
એમ ગણે સૌ તો ટળે, તે ટંટા તતખેવ." :૧,૧૮૯:

દેશનો અભ્યુદય એ દલપતમાનસનો કેન્દ્રભૂત વિચાર છે. માટે તો ધર્મની તકરારોથી થતી દેશની ખાનાખરાબી નિવારવા વિશે એ વારંવાર ઉપદેશ આપે છે. ભારત તથા જગતના અન્ય દેશોનું ધર્મની તકરારો વિશેનું ભૂતકાળનું એક ચિત્ર દલપતરામની પાસે હતું જ (:ઈંગ્લાંડના પ્રોટેસ્ટંટ -કેથોલિક સંઘર્ષથી એ માહિતગાર હતા:). આ જ્ઞાનનો ઉપયોગ કરી ભવિષ્યના ભારત માટે તો

સત્યવાણી પૂરવાર થાય એવા શબ્દો સાદીસરળ શૈલીમાં કવિ ઉચ્ચારે છે:

"દેશતણી પડતી દશા, જ્યારે હોય થનાર,
ઉપજે માંહોમાહિ ત્યાં, ધર્મ તણી તકરાર." :૧, ૧૯૪:

અન્યત્ર એ કહે છે: "નિંદા કોઇ ધર્મની સંપવિનાશક વેણ". સ્વધર્મ વિશે મિથ્યાભિમાન સેવનાર તો નાસ્તિકથીયે ભૂંડા, એવું દલપતરામ સ્પષ્ટ કહે છે.

મનુષ્યમાત્રની સમાનતાને સ્વીકારતી દલપતરામની જગતદૃષ્ટિની પ્રતીતિ હોપવાચનમાળામાં મૂકાયેલી નીચેની પંક્તિઓ વાંચતાં થશે: -

"પરમેશ્વરની આ પ્રજા, સઘળો છે સંસાર,
એક કુટુંબી આપણે, એક પિતા પરિવાર.
કાળાગોરા કોય છે, ધનહીણા ધનવાન,
કહો ન હલકો કોઇને, સઘળા એકસમાન." :૨, ૨૮૨:

જીવનને અંતકાળે લખાયેલા ક્ષમાપનસ્તોત્રમાં પણ કવિથી દેશનું વિવિધરંગી સ્વરૂપ વિસરાયું નથી:

"હિન્દુ કે મુસલમાન, પારસી કે ખ્રીસ્તિયાન,
સહુ છો સગા સમાન, રે ! હું માફી માગું." [૮]

"ઇંગ્રેજી રાજ્યપ્રકરણ" ની કવિતાઓ આપણી રાજકીય જાગૃતિના એક સીમાચિહ્ન તરીકે મહત્વની છે." [૯] એમાં બ્રિટિશતખ્ત તરફની કવિની વફાદારી તરી આવે છે. એક સ્થળે તો રામરાજ્યથી પણ ચડિયાતા રાજ્ય તરીકે બ્રિટિશતંત્રને કવિએ ઓળખાવ્યું છે. :૨, ૧૯: પરંતુ આ રાજ્યભક્ત કવિ પ્રસંગ આવ્યે અંગ્રેજ અમલમાંયે રહેલાં પ્રજાનાં દુ:ખદર્દો વિશે મધુરતાપૂર્વક સ્પષ્ટ ઉલ્લેખો કરી શકે છે. દલપતરામને, સામાન્યરીતે ઓળખાવવામાં આવે છે એમ, અંગ્રેજ અમલના એકાંતિક પ્રશંસક કહી શકાય એમ નથી. કેટલાંક ઉદાહરણો દ્વારા આ વિગત સ્પષ્ટ કદીએ. પરોપકારી નામે પાત્ર સર્જ્યાં કરવા નીકળે છે. એ સમયે બ્રિટિશ રાજ્ય વિશે આવાં વચનો પ્રારંભમાં સાંભળે છે:

" થયું નથી થાશે નહીં, આવું રાજ કોઇ કાળ
રામરાજ કરતાં ભલો આ પ્રગટયો ભૂપાળ." :૨, ૩:

પરંતુ એ જ પરોપકારીને અંગ્રેજ અમલના વિપરીત અનુભવો થતાં એ બોલી

કહે છે. "ઓહો ! હો! આ રાજ્યમાં જુલમ નથી એમ હું જાણતો હતો, પણ જુલમ છે ખરો." :૨,૮:. "નથી જુલમ આ રાજમાં, ભૂલ્યો એવી વાત" :૨,૧૨:. વળી દલપતરામ નોંધે છે:"કાયદાની કલમો ને આકટ અનેક થયા, નિર્ણય ન તેથી સમજી શકાય ન્યાયનો" :૨,૧૨:. અંગ્રેજોનું રાજ ભારતમાં સદા ટકજો એવું ઇશ્વર આગળ "કર જોડીને" માગનાર કવિ કહે છે:

"માજી રાજ્યોથી ઘણું, છે રૂડું આ રાજ,
પણ તેમાં જે ખામી છે, તે ઉચરી મેં આજ." :૨,૧૨:

વિદેશી રાજ્યની ખામીઓથી કવિ સભાન હતા. એ દર્શાવતો એક પ્રસંગ આ પ્રમાણે છે. દલપતરામના ઘનિષ્ટ મિત્ર ફાર્બસે એક વાર કવિને પૂછ્યું: બ્રિટિશ રાજ્ય ત્હમારા રાજા યુધિષ્ઠિર અને વિક્રમના રાજ્યથી ચડે કે નહિ? રામરાજ્યથીયે અંગ્રેજ રાજને એકવેળા અધિક ચઢિયાતું કહેનાર કવિએ વિનયપૂર્વક પણ દૃઢતાથી જવાબ દીધો: ના સાહેબ, તેમના કરતાં ચઢિયાતું ન ગણાય:[૧૦]

"વિક્રમ સમ જે વાર, પ્રજાપ્રેમ પામો તમે,
મુખથી શ્રી સરકાર, લાયક ગણી લખશું અમે." :૨,૧૫:

"મુંબાઇના દરજીનો ગરબો" કાવ્યમાં તો વિદેશી અમલને અંધેરી નગરીના ઇન્સાફ સાથે એમણે સરખાવી દીધો છે ! "રૂડું છે મહારાણીજીનું રાજ જો, પણ નિમત જેવા છે જે જે ઉપરી જો... પ્રજા ઘણી પીડા પામે એ પેર જો.. અંધેરી નગરી જેવો ઇનસાફ છે જો." :૨,૨૫૨-૨૫૩:.. યુગધર્મ વિચારીને જો "ભણ્યા હોત સરવ ભૂપાળ, તો "કેમ આવત પરદેશી રાજ?" એવો પ્રશ્ન "રાજવિદ્યાભ્યાસ" માં કવિએ પૂછયો છે. એમાં પરદેશી રાજ્ય ગમે તેવું સારૂં પણ આખરે તો પરાયું જ, એ પ્રકારનો ભાવ ઉંડે ઉંડે જોઇ શકાય. :૨,૧૩૭:

દલપતરામ અંગ્રેજઅમલદારોથી અંજાઇ ગયા નહોતા. અંગ્રેજોના એક જ્ઞાતિ જેવા અતડાપણાથી એ જ્ઞાત હતા. :ફાર્બસવિરહ" માં એમણે લખ્યું છે:

"અતડા રહી અમલ કરે અન્ય અંગરેજો
તુચ્છ ગણી તેઓ તણી તજી રીત તે જ તેં." :૨,૧૨૦:

લંડનમાં સામાન્ય દરજ્જો ભોગવનાર અંગ્રેજો ભારતમાં જહાંગીરી કરતા થઇ જાય છે, એનાથી દલપતરામ અજાણ નથી:

"લંડનમાં નવલાખભયાં, અહીં આવી જહાંગીરી જોર જણાવે,
દેશહિતેચ્છુ કહે દલપત, સૂણો કરી ફાર્બસ તો નહિ આવે."
:૨, ૧૨૦:

ઉત્તરજીવનમા દલપતરામ અંગ્રેજરાજ્યઅમલ પ્રતિ કયારેક આશંકા કે કયારેક નિરાશાનો ભાવ વિશેષ પ્રમાણમાં અનુભવતા જણાય છે. અલબત્ત, આ વ્યવહારદક્ષ કવિ એમાં ક્યાંય આવેશ અને કડવાશને ભળવા દેતા નથી. ૧૮૮૭ના મે માસમાં ઢંઢેરાની ઉજવણી માટે યોજાયેલી એક સભામાં દલપતરામે અંગ્રેજ અમલની પ્રશસ્તિ તો ગાઇ, પરંતુ આવા અમલમાંયે અનુભવાતા ગરીબતવંગર તથા નાનામોટાના ભેદભાવો પ્રત્યે ઇશારો કર્યા સિવાય એ રહી શકયા નહિ:

" કોઇ કહેશે સમભાવ કયાં છે? મોટાતણો પક્ષ જ રાજ્યમાં છે,
બચાવવાને ધનને લગાર, ગરીબના બંધ કરે પગાર."

આવું કહ્યા પછી વ્યવહારડાહ્યા દલપતરામ વાતને વાળી લે છે. એવું કહીને કે આવા ભેદભાવો સર્જતી ખુદ ઇશ્વરની જ નીતિને અંગ્રેજરાજ્ય અનુસરી રહ્યું છે! [૧૧] મીઠા ઉપર નાખવામાં આવેલા કરનો દલપતરામે એમના જીવનના લગભગ અંતકાળે વિરોધ કરેલો. ૧૮૮૬માં એમણે લખેલું: "મીઠાનો મટાડો મહામોંઘવારી." [૧૨]

રાષ્ટ્રીય અસ્મિતાના પ્રગટીકરણમાં દલપતરામ નથી જણાતા બંડખોર કે નથી લાગતા ખુશામદખોર. એમની કવિતામાં નિર્મળ રાષ્ટ્રપ્રેમ નીતરતો સર્વત્ર અનુભવાય છે. "વેનચરિત્ર" જેવી વિધવાવિવાહનો પુરસ્કાર કરતી કૃતિ હોય કે "ફાર્બસવિરહ" જેવું કરૂણપ્રશસ્તિ કાવ્ય હોય, રાષ્ટ્રહિતને દલપતરામે અગ્રપદ આપ્યું છે:

"આર્યભૂમિતણું હિત અંતરમાં ઇચ્છું સદા,
આર્યભૂમિતણાં મ્હારાં અસ્થિ અને ચર્મ છે." :૧, ૧૩:

દલપતરામ મૂલ્યસર્જક કવિ નહોતા, મૂલ્ય પ્રચારક કવિ હતા. એ જમાનાના વાતાવરણમાં ઘૂમતાં સંદેશનું એમણે વહન કરેલું છે. જો કે દલપતરામને

આપણે જ્યારે સંદેશવાહી કવિ કે મૂલ્યપ્રચારક કવિ કહીએ છીએ ત્યારે એમણે કરેલી લોકસેવાનું મૂલ્ય કાંઇ ઓછું આંકવા માગતા નથી. એમની દેશભક્તિની કવિતામાં નર્મદ જેવો ઉગ્ર આવેશ નથી : આમાં અપવાદરૂપ દલપતરામની "શૂરવીરછત્રીસી"ને ગણી શકાય:, પરંતુ એમની ઠાવકી જણાતી દેશભક્તિએ કવિતા મારફતે લોકજાગૃતિનું સંગીન કાર્ય બજાવેલું જ છે. શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ યથાર્થ જ કહ્યું છે: "દલપતરામ દેશસેવક એટલે દેશપ્રીતિ, કોમળ સાચદિલી, દૂરદર્શીપણું અને અનહંકાર." [13]

દલપતરામની વિશુધ્ધ દેશભક્તિનો સમાદર કરવામાં ગાંધીયુગની વિવેચનદૃષ્ટિએ એકંદરે મોળપ બતાવી છે. એને લીધે વાચકોએ પણ દલપતરામની દેશભક્તિનું વાસ્તવિક સ્વરૂપ પામવામાં ક્યારેક ઉદાસીનતા તો ક્યારેક ગેરસમજણ દાખવ્યાં હોય એવું લાગે છે. આ પરિસ્થિતિનાં થોડાંએક કારણો સૂઝે છે. એક કારણ એ કે સમકાલીનતાના ચશ્મા ચડાવીને દલપતરામની ભૂતકાલીન દેશભક્તિનું મૂલ્યાંકન કરવાનો અયથાર્થ પ્રયાસ આપણે ત્યાં સામાન્યત: થયો છે. બીજું કારણ એ કે અંગ્રેજોની ગુલામીને નામશેષ કરવા માટે શરૂ થયેલી આઝાદીની લડતના સમયે, દેશ ઉપર અંગ્રેજોની છત્રછાયા સદાકાળ માટે ટકો તથા હરખ હવે તું હિંદુસ્તાનની વાતો રજૂ કરતી દલપતરામની કવિતાનો નહિ, પણ નર્મદની પાનો ચડાવે એવી જોસ્સાવાળી કવિતાનો જનતાને ખપ હતો. ગાંધીયુગનાં સામાજિક-રાજકીય વૃતિવલણોને કારણે દલપતરામની દેશભક્તિની તથા ધીરેધીરે સુધારાના સારનો આગ્રહ સેવતી કવિતાની અવજ્ઞા થઇ હોય એવો સંભવ છે. ત્રીજું, આપણા વિવેચકોએ પણ ગાંધીયુગની રૂખને અનુકૂળ આવે એવી કવિતાઓના પોતપોતાને ખપપૂરતા નમૂનાઓ, દલપત-નર્મદના સર્જનમાંથી પસંદ કરી કરીને, પ્રજા સમક્ષ ધર્યે રાખ્યા છે. એથી, દલપતરામે કવિતામાં અંગ્રેજ અમલની પ્રશંસા કરી છે, એ સાચું, છતાં એમાં પણ એક ઉંચી કોટિના નિષ્ઠાવાન દેશભક્ત તરીકે એ પ્રતીત થયા સિવાય રહેતા નથી તથા નર્મદે સ્વાતંત્ર્યસંગ્રામના જોસ્સાને બઢાવે એવાં ઉદ્દામ સૂરવાળાં કાવ્યો લખ્યાં છે એય સાચું, પરંતુ એણે પણ વખતો વખત અંગ્રેજ અમલની તારીફ કરી લીધી છે, તે બન્ને હકીકતો જાણે કે લગભગ વિસારે પડી. ચોથું કારણ એ કે અંગ્રેજ અમલની દલપતરામે ચીંધી

બતાવેલી મર્યાદાઓમાં પ્રહારાત્મકતા કટુતા કે આક્રોશ નથી, એટલે પહેલી નજરે એમણે કરાવેલા અંગ્રેજમર્યાદા-દર્શનની એ વિગત તરફ ભાગ્યેજ ધ્યાન જાય. વળી, દલપતરામનો ઝોક અંગ્રેજ અમલની તરફદારીનો રહયો હોઇને એમના નામ ઉપર અંગ્રેજઅમલના ખુશામદખોરનું એક સામાન્ય લેબલ લાગી ગયું છે. આને લીધે પણ દલપતરામની દેશભકિતની કવિતાના યથાતથ મૂલ્યાંકનમાં બાધા ઉભી થાય છે. આવી પરિસ્થિતિમાં, દલપતરામની કવિતાને ન્યાય કરવાનો શ્રી.સંજાનાએ એમના પ્રસિધ્ધ વિવેચનગ્રંથ "સ્ટડિઝ ઇન ગુજરાતી લિટરેચર" માં કરેલો સમર્થ પ્રયાસ માનાર્હ બને એવો છે.

હિન્દના ઇતિહાસના વિશિષ્ટ સંજોગોમાં અંગ્રેજોના રાજ્યઅમલને દલપતરામે ઉમળકાભેર આવકારી લીધો હતો. દલપતરામના આવા વલણને એકલવાયું પાડી દઇને ટીકાપાત્ર બનાવવામાં તટસ્થ અભ્યાસદૃષ્ટિની ભાગ્યે જ પ્રતીતિ થાય. વળી, હિન્દના સમાજતંત્રનું બંધારણ એટલું તીવ્ર સ્વમાનશીલ કે સ્વતંત્રતાશીલ ભાગ્યે જ હતું કે એ પરાયા પરદેશીઓના રાજ્યઅમલને સ્વીકારી - આવકારી ન શકે.

---

<u>સંદર્ભ તથા પાદનોંધ</u>

૧. "મારી હકીકત" ભા.૧, પૃ.૬૭, નર્મદ.

૨. " The birth of patriotism amongst us is due to English rule and English education" - Tilak; quoted in "Three phases of India's struggle for Freedom" p. 5.

3. "કવીશ્વર દલપતરામ", ભા.૨, ઉત્તરાર્ધ, પૃ.૧૨૧, ન્હાનાલાલ.

૪. અહીં એ નોંધવું રસપ્રદ બનશે કે અંગ્રેજ અમલના "ખુશામદખોર" ગણાયેલા દલપતરામની કવિતા "હરખ હવે તું.." તથા "સ્વાતંત્ર્યવીર" ગણાયેલા નર્મદની એ જ વિષયની કવિતા "દેશમાં આનંદ ભયો, જય જય વિકટોરિયા" ૧૮૫૯ની ૨૮મી જુલાઇએ મુંબઇમાં મળેલી એક સભામાં બન્ને કવિઓએ સાથે જ ગાયેલી ! જુઓ "કવીશ્વર દલપતરામ" ભા. ૨, ઉત્તરાર્ધ, પૃ. ૧૧૮.

૫. "હરખ હવે તું હિંદુસ્તાન" એ કાવ્ય કોઇ અંગ્રેજ કવિના "રીજોઇસ ઓ ઇન્ડ ! " નામે કાવ્યનો અનુવાદ છે, એવી ઉભડક માહિતી શ્રી નાથાલાલ દવેએ એમના "જાહ્નવી" કાવ્યસંગ્રહના ટિપ્પણમાં આપેલી છે.

૬. "વિવિધ વ્યાખ્યાનો" ૩, પૃ. ૧૭૬, બ. ક. ઠાકોર.

૭. "કવીશ્વર દલપતરામ" ભા. ૧, પૃ. ૧૨, ન્હાનાલાલ.

૮. "કવીશ્વર દલપતરામ", ભા. ૩, પૃ. ૩૬૫, ઉપર અવતરિત: ન્હાનાલાલ.

૯. "અર્વાચીન કવિતા" પૃ. ૨૦, સુન્દરમ્.

૧૦. "દલપતસાર" પૃ. ૧૭, સંપાદક: નરહરિ પરીખ

૧૧. આગળની કાવ્યપંક્તિઓ તથા આ વિગત "કવીશ્વર દલપતરામ" ભા. ૩, પૃ. ૧૫૫ ઉપર અવતરિત.

૧૨. એ જ, પૃ. ૩૦૬

૧૩. "વિવેચના" પૃ. ૨૭, વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી.
'દલપતકાવ્ય', ભા. ૧ (૧૯૨૬); 'દલપતકાવ્ય', ભા. ૨ (૧૯૨૪).